## તંત્રી સ્થાનેથી......

ઉનાળાની રજાઓ મનોરંજનની સાથે સાથે બાળકોના શારીરિક, માનસિક અને સાંસ્કૃતિક વિકાસ માટે પણ એક ઉત્તમ અવસર બની શકે છે. આજના સમયમાં બાળકોમાં વધતો મોબાઈલનો ઉપયોગ, શારીરિક પ્રવૃત્તિઓમાં ઘટાડો, માનસિક તણાવ અને અનિયમિત જીવનશૈલીને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા 'સમર યોગ કેમ્પ – ૨૦૨૬'નું રાજ્યવ્યાપી આયોજન કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ – ૨૦૨૬ની ઉજવણી અને યોગના વ્યાપક પ્રચાર-પ્રસારના ભાગરૂપે સમગ્ર ગુજરાતમાં ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે વિશેષ સમર યોગ કેમ્પ્સ યોજાશે. આ કેમ્પ્સનો મુખ્ય હેતુ બાળપણથી જ બાળકોમાં સ્વસ્થ જીવનશૈલી, સારા સંસ્કારો, શિસ્ત, આત્મવિશ્વાસ, એકાગ્રતા અને સકારાત્મક વિચારસરણીનો વિકાસ કરવાનો છે. યોગ દ્વારા બાળકોનું શરીર મજબૂત બને, મન શાંત રહે અને અભ્યાસ પ્રત્યે ધ્યાન વધે તે માટે આ અનોખું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આગામી તા. ૧૬ મે ૨૦૨૬ થી તા. ૩૦ મે ૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજ્યના વિવિધ શહેરો, તાલુકાઓ અને ગામોમાં અંદાજિત ૨૨૫ જેટલા "સમર યોગ કેમ્પ"નું આયોજન કરવામાં આવશે. રાજ્યના અનેક વિસ્તારોમાં સમર યોગ કેમ્પનું આયોજન કરીને બાળકો યોગ સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવશે. આ સમર યોગ કેમ્પમાં બાળકોને યોગાસન, પ્રાણાયામ, ધ્યાન, સૂક્ષ્મ વ્યાયામ, રમતિયાળ યોગ પ્રવૃત્તિઓ, શારીરિક તંદુરસ્તી, માનસિક એકાગ્રતા, આરોગ્ય જાગૃતિ તેમજ ભારતીય સંસ્કૃતિ અને જીવનમૂલ્યો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જ બાળકોમાં ટીમવર્ક, નેતૃત્વ ક્ષમતા, સકારાત્મકતા અને નિયમિત જીવનશૈલી વિકસે તે માટે પણ વિશેષ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. આ કેમ્પમાં બાળકોને મોબાઈલ અને ટીવી જેવી સ્ક્રીન પ્રવૃત્તિઓથી થોડો સમય દૂર રાખી યોગ, આરોગ્ય અને પ્રકૃતિ સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવશે. આજના ડિજિટલ યુગમાં બાળકોમાં વધતી આરોગ્ય સમસ્યાઓ સામે યોગ એક અસરકારક અને પ્રાકૃતિક ઉપાય બની શકે છે. નિયમિત યોગાભ્યાસથી બાળકોમાં લવચીકતા, સ્મરણશક્તિ, આત્મવિશ્વાસ અને માનસિક સ્થિરતા વધે છે, જે તેમના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભારતના યશસ્વી પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેંદ્ર મોદી દ્વારા સમગ્ર વિશ્વમાં યોગને નવી ઓળખ અને વૈશ્વિક માન્યતા પ્રાપ્ત થઈ છે. તેમની પ્રેરણાથી આજે યોગ માત્ર વ્યાયામ નહીં પરંતુ સ્વસ્થ જીવન જીવવાની એક વૈશ્વિક જીવનપદ્ધતિ બની રહ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના પ્રોત્સાહન, રમતગમત રાજ્યમંત્રી શ્રી જયરામ ગામીતના સહકાર અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શ્રી શીશપાલજીની પ્રેરણાથી સમગ્ર રાજ્યમાં યોગને ઘર-ઘર સુધી પહોંચાડવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તમામ વાલીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સમાજના આગેવાનોને આ "સમર યોગ કેમ્પ – ૨૦૨૬"માં વધુમાં વધુ બાળકોને જોડાવવા હાર્દિક અનુરોધ કરવામાં આવે છે, જેથી બાળકો સ્વસ્થ શરીર, સકારાત્મક મન અને સારા સંસ્કારો સાથે દેશ અને સમાજના જવાબદાર નાગરિક બની શકે. વધુ માહિતી અને નોંધણી માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડની સત્તાવાર વેબસાઈટ www.gsyb.in ની મુલાકાત લેવા વિનંતી.

# ડાક વિભાગ દ્વારા 'વન સ્ટેટ વન જીએસટી'ના અસરકારક અમલીકરણ માટે અમદાવાદમાં વર્કશોપનું આયોજન, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ દ્વારા કરવામાં આવ્યો શુભારંભ

**'વન સ્ટેટ વન જીએસટી' થી ડાક વિભાગની કાર્યપ્રણાલીમાં આવશે સરળતા, એકરૂપતા અને કાર્યક્ષમતાઃ પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ**



કમલમ્,
ભારતીય ડાક વિભાગ દ્વારા "વન સ્ટેટ વન જીએસટી"ના અસરકારક અમલીકરણ માટે ૧૫ મે, ૨૦૨૬ના રોજ અમદાવાદમાં એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપનો શુભારંભ ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ દ્વારા કરવામાં આવ્યો. વર્કશોપનો મુખ્ય હેતુ નવી જીએસટી પ્રણાલીના સફળ અમલીકરણ માટે અધિકારીઓને તાલીમ આપવાનો તથા એકીકૃત કાર્યપદ્ધતિ અંગે માર્ગદર્શન આપવાનો હતો. તેમાં વિવિધ મંડળોના પ્રવર અધિક્ષક, અધિક્ષક, સિનિયર પોસ્ટમાસ્ટર તથા લેખાધિકારી ઉપસ્થિત રહ્યા હતા. વર્કશોપનું શુભારંભ કરતાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ એ જણાવ્યું કે અત્યાર સુધી વિવિધ મંડળોમાં જીએસટી પ્રક્રિયાઓના સંચાલનમાં કાર્યપદ્ધતિ સંબંધિત ભિન્નતાઓ જોવા મળતી હતી, પરંતુ હવે નવી વ્યવસ્થા સમગ્ર રાજ્યમાં એકીકૃત પ્રણાલી તરીકે કાર્ય કરશે. આથી હિસાબી પ્રક્રિયા, ટેક્સ અનુપાલન, ઈન્વૉઈસ મેનેજમેન્ટ તથા નાણાકીય રિપોર્ટિંગ વધુ સરળ અને અસરકારક બનશે. સાથે જ વહીવટી કાર્યક્ષમતામાં વધારો, સમયની બચત, ભૂલોમાં ઘટાડો તથા જવાબદારીમાં નોંધપાત્ર સુધારો સુનિશ્ચિત થશે. "વન સ્ટેટ વન જીએસટી" માત્ર એક વહીવટી સુધારો નથી, પરંતુ કાર્યપદ્ધતિમાં સરળતા, પારદર્શિતા, એકરૂપતા અને કાર્યક્ષમતા સ્થાપિત કરવાની દિશામાં એક ઐતિહાસિક પગલું છે. બદલાતી આર્થિક અને તકનીકી જરૂરિયાતોને અનુરૂપ વિભાગીય કાર્યશૈલીમાં સુધારો સમયની માંગ છે, જેથી વધુ સરળ, પારદર્શક અને જવાબદાર વ્યવસ્થા સુનિશ્ચિત કરી શકાય. "વન સ્ટેટ વન જીએસટી" આ દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે. સીનિયર લેખાધિકારી શ્રી બી. શિવા કુમાર તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કન્સલ્ટન્ટ શ્રી નિર્મલ ભંડારી દ્વારા વર્કશોપ દરમિયાન જૂની અને નવી જીએસટી પ્રણાલીની તુલનાત્મક સમીક્ષા, સપ્લાયનું વર્ગીકરણ, જીએસટી ફ્રેમવર્ક, નોંધણી અને તેની લાગુતા, ઈનપુટ ટેક્સ ક્રેડિટ માટેની પાત્રતા, પ્રતિબંધો, ક્લેમ પ્રક્રિયા તથા આવશ્યક દસ્તાવેજીકરણ, સીજીએસટી નિયમ ૪૨ અને ૪૩ હેઠળ ઈનપુટ ટેક્સ ક્રેડિટ વર્ગીકરણ, કોમન ક્રેડિટની ઓળખ, બ્લોકડ ક્રેડિટ વિશ્લેષણ તેમજ પાત્ર અને અપાત્ર ઈનપુટ ટેક્સ ક્રેડિટ ના વિભાજન, માસિક રિટર્ન ફાઈલિંગ ચક્ર અને અનુપાલન ન કરવાના પ્રભાવો તથા જીએસટી હેઠળના ટીડીએસ પ્રાવધાનો અંગે વિગતવાર માહિતી પ્રદાન કરવામાં આવી હતી. સીનિયર લેખા અધિકારી સુશ્રી પૂજા રાઠોર એ સ્વાગત પ્રવચન આપતાં તમામ પ્રતિભાગીઓનું અભિવાદન કર્યું અને વર્કશોપની રૂપરેખા રજૂ કરી. પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ એ જણાવ્યું કે ડાક વિભાગમાં "વન સ્ટેટ વન જીએસટી" વ્યવસ્થા અમલમાં આવવાથી વિભાગીય નાણાકીય વ્યવસ્થાપન વધુ સુવ્યવસ્થિત, પારદર્શક, એકીકૃત અને અસરકારક બનશે. અગાઉની વ્યવસ્થામાં દરેક ડ્રોઈંગ એન્ડ ડિસ્બર્સિંગ ઓફિસર (ડીડીઓ) માટે અલગ-અલગ જીએસટી અને જીએસટી-ટીડીએસ નોંધણીઓ કાર્યરત હતી. હવે ડાક નિર્દેશાલય દ્વારા અમલમાં મુકાઈ રહેલા આ નવા ફ્રેમવર્ક હેઠળ દરેક રાજ્યમાં વિભાગ માટે માત્ર એકીકૃત જીએસટી નોંધણી રહેશે. આ માટે પોસ્ટ વિભાગ દ્વારા કેન્દ્રીકૃત સિંગલ પાન મેળવી તેને સંબંધિત જીએસટી નોંધણીઓ સાથે યોગ્ય રીતે જોડવામાં આવ્યો છે. નવી વ્યવસ્થાથી ઈનપુટ ટેક્સ ક્રેડિટ નો વધુ અસરકારક અને યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત થશે, કરચુકવણી પ્રક્રિયા કેન્દ્રીકૃત અને સરળ બનશે, અનુપાલન સંબંધિત પ્રક્રિયાઓમાં એકરૂપતા આવશે તથા વિભાગીય નાણાકીય કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો થશે.

આ વર્કશોપમાં અમદાવાદ સિટી મંડળના પ્રવર અધિક્ષક શ્રી ચિરાગ મહેતા, ગાંધીનગર મંડળના પ્રવર અધિક્ષક શ્રી શિશિર કુમાર, અમદાવાદ જીપીઓના સિનિયર પોસ્ટમાસ્ટર શ્રી સિરાજ મન્સુરી, મહેસાણા મંડળના અધિક્ષક શ્રી એસ. કે. વર્મા, સાબરકાંઠા મંડળના અધિક્ષક શ્રી દીપક વાઢેર, પાટણ મંડળના અધિક્ષક શ્રી આર. એ. ગોસ્વામી, બનાસકાંઠા મંડળના અધિક્ષક શ્રી હર્ષદ પરમાર, મેનેજર શ્રી દર્શન તપસ્વી, સિનિયર લેખાધિકારી શ્રી બી. શિવા કુમાર, સુશ્રી પૂજા રાઠોર, સહાયક લેખાધિકારી શ્રી રામસ્વરૂપ મંગાવા, શ્રી સુભાષ કુમાર, શ્રી ઋષભ મહેતા, સહાયક નિદેશક શ્રી વારિસ વહોરા, શ્રી ઋતુલ ગાંધી સહિત અનેક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નવસારી જિલ્લા કલેક્ટર તરીકેનો ચાર્જ સંભાળતા શ્રી મનીષ ગુરવાની (IAS)



કમલમ્, નવસારી
રાજ્ય સરકાર દ્વારા IAS અધિકારીઓની બદલી અને નિમણૂંક સંદર્ભે જાહેર કરાયેલા તાજેતરના હુકમ મુજબ નવસારી જિલ્લાના નવા ક્લેક્ટર તરીકે શ્રી મનીષ ગુરવાની (IAS)ની નિમણૂંક કરવામાં આવી છે. તેઓશ્રીએ આજરોજ નવસારી જિલ્લા કલેક્ટર તરીકેનો વિધિવત્ત ચાર્જ સંભાળ્યો છે. શ્રી મનીષ ગુરવાની (IAS )અગાઉ ગાંધીધામ મહાનગરપાલિકામાં મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવી રહ્યા હતા. વહીવટી ક્ષેત્રેનો તેમનો અનુભવ અને શહેરી વિકાસ ક્ષેત્રેનું કાર્ય નોંધપાત્ર રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા હવે તેમને નવસારી જિલ્લાના કલેક્ટર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. નવસારી જિલ્લો આદિજાતિ અને વિકાસલક્ષી યોજનાઓ માટે અગત્યનો જિલ્લો ગણાય છે. ખાસ વિકાસલક્ષી બાબતોને કેન્દ્રમાં રાખીને પર્યટન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રામ વિકાસ અને જનકલ્યાણ યોજનાઓમાં છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે. જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓએ નવસારી જિલ્લાના નવનિયુક્ત કલેક્ટર શ્રી મનીષ ગુરવાની (IAS )નું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. શ્રી મનીષ ગુરવાનીના નેતૃત્વ હેઠળ જિલ્લામાં સુશાસન, જનસેવા અને વિકાસલક્ષી કાર્યોને વધુ ગતિ મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે.

# "આરોગ્ય કર્મચારીઓના હિતોનું રક્ષણ અને તેમના પ્રશ્નોના સંવેદનશીલ નિરાકરણ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ" : આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા



કમલમ્,
માનનીય આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના સાનિધ્યમાં ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘના પ્રતિનિધિઓ તેમજ વિવિધ વર્ગના આરોગ્ય કર્મચારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન કર્મચારીઓએ ખાતાકીય પરીક્ષા, ઉચ્ચત્તર પગાર ધોરણ, પંચાયત હસ્તકના મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર તથા ફિમેલ હેલ્થ વર્કરના ખાતાકીય પરીક્ષાને લગતા વિવિધ પ્રશ્નો અને માંગણીઓ અંગે વિસ્તૃત રજૂઆતો કરી હતી. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રીએ તમામ રજૂઆતોને અત્યંત સંવેદનશીલતા, સહાનુભૂતિ અને સકારાત્મક અભિગમ સાથે ધ્યાનપૂર્વક સાંભળી કર્મચારીહિતને કેન્દ્રસ્થાને રાખી યોગ્ય અને હકારાત્મક નિર્ણય લેવામાં આવશે તેવી ખાતરી વ્યક્ત કરી હતી. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, "રાજ્યના આરોગ્ય કર્મચારીઓ માત્ર કર્મચારી નથી, પરંતુ જનસેવાના પવિત્ર કાર્યમાં નિષ્ઠાપૂર્વક જોડાયેલા આરોગ્ય વ્યવસ્થાના મજબૂત આધારસ્તંભ છે. તેમના હિતો અને પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સરકાર સંપૂર્ણ પ્રતિબદ્ધ છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર આરોગ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા દરેક કર્મચારીના હિત, સન્માન અને કલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. કર્મચારીઓના પ્રશ્નોના હકારાત્મક નિરાકરણ માટે સરકાર સતત સંવાદ અને સહકારના માર્ગે આગળ વધી રહી છે. બેઠક દરમિયાન આરોગ્ય કર્મચારીઓએ પણ સરકારના સંવેદનશીલ અભિગમ અને હકારાત્મક વલણ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# આઈ.ટી.આઈ. બીલીમોરાને રાજયની શ્રેષ્ઠ આઈ.ટી.આઈ. તરીકે પ્રથમ ક્રમનું ગૌરવ

**કૌશલ્ય વિકાસ ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ બદલ પુરસ્કાર એનાયત; આધુનિક તાલીમ અને ઉધોગસંબંધિત શિક્ષણનું શ્રેષ્ઠ ઉદાહરણ**



કમલમ્, નવસારી
નવસારી જિલ્લાની સરકારી આઈ.ટી.આઈ. બીલીમોરાએ ગુજરાત રાજ્યમાં શ્રેષ્ઠ કામગીરીના આધારે પ્રથમ ક્રમપ્રાપ્ત કરી એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. રાજ્ય સરકાર દ્વારા આઈ.ટી.આઈ. બીલીમોરાને "ગુજરાત રાજ્યની શ્રેષ્ઠ આઈ.ટી.આઈ." તરીકે પસંદ કરવામાં આવી હતી. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદ્લ તા. ૦૬/૦૫/૨૦૨૬ના રોજ ગાંધીનગર સ્થિત તાપી હોલ, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય ખાતે આયોજિત સમારોહમાં કેબિનેટ મંત્રીશ્રી કુંવરજી બાવળીયાના હસ્તે સંસ્થાને સન્માનિત કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાને પ્રશસ્તિ પત્ર સાથે રૂ. ૧૧ લાખનું રોકડ પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત થયેલ આ રકમનો ઉપયોગ સંસ્થાની આધુનિક સુવિધાઓના વિકાસ, તાલીમ વ્યવસ્થાના સશક્તિકરણ તેમ જ તાલીમાર્થીઓ માટે જરૂરી માળખાગત સુવિધાઓને વધુ મજબૂત માટે કરવામાં આવશે. ગુજરાત રાજ્ય કૌશલ્ય વિકાસ ક્ષેત્રે સતત પ્રગતિ કરી રહ્યું છે. આ પરિસ્થિતિમાં આઈ.ટી.આઈ. બીલીમોરાની આ સિદ્ધિ એ સાબિત કરે છે કે નાના શહેરોમાં પણ ગુણવત્તાસભર કૌશલ્ય આધારિત શિક્ષણ દ્વારા નવી ક્રાંતિ સર્જાઈ રહી છે. સરકાર અને ઉદ્યોગ જગત વચ્ચેનો સુમેળ, આધુનિક ટેક્નોલોજી આધારિત તાલીમ તથા યુવાનોને વૈશ્વિક બજાર માટે તૈયાર કરવાની દૃઢ પ્રતિબદ્ધતા આ સફળતાના મુખ્ય આધારસ્તંભ છે. આ માન્યતા મળતાં બિલીમોરા તથા આસપાસના વિસ્તારોમાં કૌશલ્યલક્ષી શિક્ષણ પ્રત્યે નવી આશાઓ જાગી છે. આઈ.ટી.આઈ. બીલીમોરા હવે અન્ય સંસ્થાઓ માટે એક પ્રેરણારૂપ મોડેલ તરીકે ઉભરી આવી છે. "સ્કિલ ઈન્ડિયા" વિઝનને મજબૂતી આપતાં આ સંસ્થાએ રાષ્ટ્રીય કૌશલ્ય નકશામાં પોતાની વિશિષ્ટ ઓળખ સ્થાપિત કરી છે. આઈ.ટી.આઈ. બીલીમોરાના પ્રિન્સિપાલ શ્રી પી. એસ. પટેલ (વર્ગ–૧), શ્રી ટી. પી. પટેલ તથા શ્રી જે. બી. પટેલ (વર્ગ–૨)ના માર્ગદર્શન હેઠળ છેલ્લા કેટલાક વર્ષોમાં સંસ્થાએ નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે. ટ્રેનિંગ સ્ટાફ અને તાલીમાર્થીઓના સંયુક્ત પ્રયત્નો, ઉદ્યોગની જરૂરિયાત મુજબનું તાલીમ માળખું, આધુનિક સાધનોનો અસરકારક ઉપયોગ અને ગુણવત્તાસભર શિક્ષણ પદ્ધતિ આ સફળતાના મુખ્ય પરિબળો રહ્યા છે. નિષ્કર્ષરૂપે, આઈ.ટી.આઈ. બીલીમોરાની આ સિદ્ધિ માત્ર એક સંસ્થાની સફળતા નથી, પરંતુ સમગ્ર કૌશલ્ય શિક્ષણ ક્ષેત્ર માટે પ્રેરણારૂપ છે, જે ભારતને વૈશ્વિક સ્તરે કૌશલ્ય વિકાસના અગ્રણી કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે તેમ આચાયશ્રી ઔધોગિક તાલીમ સંસ્થા બીલીમોરાની અખબારી યાદીમાં જણાવેલ છે.

# જનજાતીય ગરિમા ઉત્સવ અંતર્ગત "AI નો આદિજાતિ વિકાસમાં ઉપયોગ" વિષય પર એક દિવસીય સેમિનારનું ગાંધીનગર ખાતે કરાયું આયોજન

**વહીવટી પ્રક્રિયાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે AI ટેકનોલોજીનો ઉપયોગ કરવાની દિશામાં સઘન પ્રયાસોઃ આદિજાતિ વિકાસ નિયામક શ્રી આશિષ કુમાર**



**AIના સચોટ ઉપયોગ થકી આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ અને સશક્તીકરણની પ્રક્રિયાને વધુ વેગવંતી બનાવી શકાશેઃ કાર્યપાલક નિયામક ડો. સી. સી. ચૌધરી**

કમલમ્,
ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા દેશભરમાં જનજાતીય વસ્તી ધરાવતા રાજ્યોમાં તા. ૧૦ મે થી ૦૯ જૂન, ૨૦૨૬ દરમિયાન 'જનજાતીય ગરિમા ઉત્સવ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલના નેતૃત્વમાં ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી-ઈં દ્વારા બિરસા મુંડા ભવન, ગાંધીનગર ખાતે આજે 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-AI નો આદિજાતિ વિકાસમાં ઉપયોગ' વિષય પર એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ વિભાગના નિયામક શ્રી આશિષ કુમાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આદિજાતિ વિકાસ વિભાગના નિયામક શ્રી આશિષ કુમારે જણાવ્યું હતું કે, વહીવટી પ્રક્રિયાઓને વધુ સુદ્રઢ બનાવવા આશ્રમશાળાઓ, સરકારી હોસ્ટેલો અને ક્લાસરૂમના ડેઈલી મોનિટરિંગ માટે AI ટેકનોલોજીનો ઉપયોગ કરવાની દિશામાં સઘન પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. સરકારી વિભાગો પાસે ઉપલબ્ધ વિશાળ ડેટા સેટ્સ, લાભાર્થીઓની માહિતી અને વિદ્યાર્થીઓના ડેટાનું સચોટ એનાલિસિસ કરવા માટે AI અત્યંત ઉપયોગી સાબિત થશે. તેમણે કર્મયોગીઓને આહવાન કર્યું હતું કે, જો તેમની પાસે વહીવટી સુધારણા કે મોનિટરિંગને લગતા કોઈ મજબૂત પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ્સ હોય, તો તેના સ્માર્ટ સોલ્યુશન્સ તૈયાર કરવા જેથી તેને વ્યાપક સ્તરે લાગુ કરી શકાય. નિયામકશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સરકારી કામગીરીની ગુણવત્તા, ગતિ અને સચોટતા વધારવા માટે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ સમયની માંગ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ચેટજીપીટી જેવા આધુનિક મોડલ્સના આગમન સાથે વૈશ્વિક સ્તરે ટેકનોલોજીની સ્પીડ ખૂબ જ ઝડપી બની છે, જેની સીધી અસર આપણા વહીવટી અને રોજબરોજના જીવન પર પણ પડી રહી છે. સરકારી કચેરીઓમાં AI એ માનવ શ્રમનો વિકલ્પ નથી, પરંતુ કર્મચારીઓની ક્ષમતા અને કામની સ્પીડ વધારવા માટેનું એક શ્રેષ્ઠ માધ્યમ સાબિત થઈ શકે તેમ છે.

નિયામકશ્રીએ સમય સાથે કદમ મિલાવવા અને પોતાની ક્ષમતા વર્ધન માટે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને 'ઈકર્મયોગી પોર્ટલ પર ઉપલબ્ધ કોર્સીસનો મહત્તમ લાભ લેવા ખાસ તાકીદ કરી હતી. આ પોર્ટલ પર પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ દ્વારા તૈયાર કરાયેલા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના સ્પેશિયલ કસ્ટમાઈઝ્ડ કોર્સ વિનામૂલ્યે ઉપલબ્ધ છે, જે પરફોર્મન્સ એપ્રેઝલ માટે પણ મહત્વના છે. બદલાતા સમયમાં ટેકનોલોજીથી સુસજ્જ બનીને સરકારી સેવાઓને વધુ લોકાભિમુખ અને પારદર્શક બનાવવા માટે આ AI કોર્સ ખૂબ મહત્વના છે, તેમ તેમણે ઉમેર્યું હતું. આ કાર્યક્રમમાં ટ્રાયબલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, ગુજરાતના કાર્યપાલક નિયામક ડૉ. સી. સી. ચૌધરીએ કહ્યું હતું કે, ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને કલ્યાણકારી યોજનાઓના પરિણામલક્ષી પ્રભાવને છેવાડાના માનવી સુધી ઝડપથી પહોંચાડવા માટે ટેકનોલોજી એક શક્તિશાળી માધ્યમ સાબિત થશે. આ ઉપરાંત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની યોગ્ય સાવચેતી સાથે અને સચોટ ઉપયોગ દ્વારા આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ અને સશક્તીકરણની પ્રક્રિયાને વધુ વેગવંતી બનાવી શકાશે. ડૉ. ચૌધરીએ વધુમાં, જણાવ્યું હતું કે, 'જનજાતીય ગરિમા ઉત્સવ'ની ઉજવણીના ભાગરૂપે આગામી તા. ૨૫ થી ૩૧ મે, ૨૦૨૬ દરમિયાન સામાજિક સેવા, શિક્ષણ, પરંપરાગત જ્ઞાન અને સમુદાય નેતૃત્વ જેવા ક્ષેત્રોમાં પાયાનુ પ્રદાન આપનાર અંદાજે ૨૦-૩૦ જેટલા આદિવાસી સમાજના 'અનસંગ હીરોઝ'ની ઓળખ કરી તેઓનું વિશેષ સન્માન કરવામાં આવશે. આ સત્ર દરમિયાન IIT ગાંધીનગર અને ગિફ્ટ ઈન્ટરનેશનલ ફિનટેક ઈન્સ્ટિટ્યુટના યુવા ફેકલ્ટી શ્રી નિવિદ દેસાઈ દ્વારા આદિવાસી કલ્યાણ ક્ષેત્રે કાર્યરત અધિકારીઓને આધુનિક ટેકનોલોજી 'જનરેટિવ AI' થી અવગત કરવામાં આવ્યા હતા.

આ ટેકનોલોજી દ્વારા કેવી રીતે આદિવાસી વિસ્તારોમાં યોજનાઓનો પ્રચાર-પ્રસાર વધારી શકાય અને તેમની પોતાની ભાષામાં સંવાદ સાધી શકાય તે અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે સરકારી પરિપત્રો તૈયાર કરવા, જટિલ પોલિસીઓને સરળ ભાષામાં અનુવાદિત કરવી અને નાગરિકોના પ્રશ્નોના ત્વરિત જવાબ આપવામાં AI કેવી રીતે મદદરૂપ થઈ શકે તેની વિસ્તૃતમાં સમજ આપી હતી. આ કાર્યક્રમમાં જોઈન્ટ કમિશનર, ડેપ્યુટી કમિશનર સહિત વિવિધ શાખાના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# 'શ્રી રવિશંકરજીના જન્મદિવસે ગાંધીનગરમાં 'શ્રી શ્રી કૃષિ કેન્દ્ર'નો શુભારંભ: પ્રાકૃતિક ખેતીને મળશે નવું જોમ



**આ કેન્દ્ર આવનારા સમયમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે આર્થિક ઉન્નતિનું દ્વાર બનશે- ખેડૂત શ્રી નરેન્દ્ર ભાઈ મંડીર**

કમલમ્,
તાજેતરમાં પૂજ્ય શ્રી રવિશંકર આચાયશ્રીના જન્મદિવસના પાવન પ્રસંગે ગાંધીનગર ખાતે 'શ્રી શ્રી કૃષિ કેન્દ્ર'નું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વિશ્વસ્તરે વધે અને ખેડૂતોને તેમના ઉત્પાદનોનું યોગ્ય પ્લેટફોર્મ મળે તેવા ઉમદા હેતુથી આ કેન્દ્ર કાર્યરત કરવામાં આવ્યું છે. તારીખ ૧૩/૦૫/૨૦૨૬ના રોજ આયોજિત આ કાર્યક્રમમાં શ્રી રવિશંકરજીના આશીર્વાદ અને આશિર્વચન સાથે દીપ પ્રાગટ્ય કરી કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કેન્દ્ર મુખ્યત્વે પ્રાકૃતિક ખેતી, દેશી બીજ અને ગાય આધારિત ખેતી કરતા ખેડૂતોના ઉત્પાદનોના વેચાણ માટે સેતુ સમાન બનશે. ઉદ્ઘાટન પ્રસંગે ગાંધીનગર જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોએ પોતાના વક્તવ્ય અને અભિપ્રાયો રજૂ કર્યા હતા. આગામી દિવસોમાં આ કેન્દ્ર દ્વારા શ્રી શ્રી રવિશંકર સંસ્થાના માધ્યમથી ગુજરાત અને રાજ્ય બહાર પણ ખેડૂતોની વસ્તુઓ વ્યાજબી ભાવે ઉપલબ્ધ થાય તે માટે સઘન પ્રયત્નો હાથ ધરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રાકૃતિક ફાર્મ, શિહોલી મોટી, તા.જિ. ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રગતિશીલ ખેડૂત શ્રી નરેન્દ્ર મંડીર અને ચિંતનભાઈ વ્યાસ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ કેન્દ્ર આવનારા સમયમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે આર્થિક ઉન્નતિનું દ્વાર બનશે તેવી આશા ખેડૂત શ્રી નરેન્દ્રભાઈ મંદિર દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

